# એસએસવી કેમ્પસમાં ભૂલકાઓનો ઉત્સાહી પ્રવેશોત્સવ






એસએસવી કેમ્પસ ખાતે પ્રિસ્કૂલનો પ્રારંભ ગુરુવારે ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવ્યો હતો. બાળકોને પરંપરાગત રીતે કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા. બાળકો અને તેમના વાલીઓના હસ્તે વિદ્યાની દેવી સરસ્વતીને કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ વાલીઓ-બાળકો માટે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડીલોના હસ્તે દીપ પ્રાગટ્યથી સભાનો આરંભ કરવામાં આવ્યો હતો. સંસ્થાનાં વડા નિમિબેન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેજી વિભાગનાં શિક્ષકોએ પોતાનો પરિચય આપ્યો હતો અને વર્ષ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિઓની વિગત પોતાના અનોખા અંદાજમાં આપી હતી. શુક્રવારે વિદ્યાર્થીઓની યાદગીરી માટે તેમની ગુરુવારની શાળાપ્રવેશ વેળાની તસવીર ફ્રેમ કરીને તેમને ભેટ આપવામાં આવશે. હજુ બે દિવસ ઓરીએન્ટેશનનું આયોજન સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું છે, ત્યારબાદ સોમવારથી વિધિવત શિક્ષણ કાર્યનો આરંભ કરવાનું આયોજન સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



માલાબેન જે વોરા
ફોન : ૨૩૨૧૧૧૨૦



ધિરેન આર પરમાર
મો. ૬૩૫૧૭ ૧૫૮૭૩



આયુષ તુષારકુમાર શ્રીમાળી



સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦

## રવિવારે બાબુભાઈ નાયકના પ્રથમ કાવ્યસંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૩

ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત બાબુ નાયકના પ્રથમ કાવ્યસંગ્રહ 'હાલ્યને સૈયર'નો વિમોચન સમારોહ અડાલજ ખાતે યોજવામાં આવ્યો છે.

તા. ૨૩મી જૂન ને રવિવારે સવારે ૧૦.૧૫થી ૧૨.૧૫ દરમિયાન આ પુસ્તકનો વિમોચન સમારોહ અડાલજના શ્રીમતી માણેકબા પીટીસી વિદ્યાલયના પ્રાર્થના ખંડમાં યોજાઈ રહ્યો છે.

સમારોહના અધ્યક્ષ તરીકે કવિ, વિવેચક, સાહિત્યકાર દલપત પઢિયાર, મુખ્ય મહેમાન તરીકે વરિષ્ઠ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠક, પ્રસિદ્ધ કવિ જિતેન્દ્ર કા વ્યાસ અને અતિથિ વિશેષ તરીકે ગઝલકાર કિશોર જીકાદરા, કવિ, સંશોધક, વિવેચક નગીનચંદ્ર ડોડિયા ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ સંચાલન પ્રજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવશે.

## આજે ટાઉનહૉલમાં 'જીથરો ભાભો' નાટક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર હોમગાર્ડ્ઝ યુનિટ તથા તુલસીપત્ર આર્ટ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ગાંધીનગર ટાઉનહૉલમાં સૌરાષ્ટ્રની લોકકથા આધારીત ઐતિહાસિક નાટક 'જીથરો ભાભો'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં શહેર યુનિટના કમાન્ડીંગ ઓફિસર પ્રદિપસિંહ સોઢા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૧૪મી જૂન ને શુક્રવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આ નાટ્યપ્રયોગ યોજાશે. નાટકની પટકથા હર્ષદીપસિંહ જાડેજાએ તૈયાર કરી છે તથા નાટકનું દિગ્દર્શન પણ તેમના દ્વારા કરવામાં આવ્યું છે.

## સ્મિત મ્યુઝિક દ્વારા સિનિયર સિંગર્સનો સ્ટેજ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા કિશોર કલાસીસના સહયોગથી 'ઝુમતા મૌસમ જૂન કા, મઝા લીજે મધુર આમ કા' ટાઈટલથી ફિલ્મી ગીતોના શોનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૨મી જૂન ને શનિવારે રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ ખાતે આ શો યોજવામાં આવશે. આ શોમાં શહેરના ખાસ સિનિયર સિંગર્સ ઝળકશે. કરાઓકે ટ્રેક પર તેમના દ્વારા ગીતોની રજૂઆત કરવામાં આવશે. આ કાર્યક્રમ માણવા માટે કોઈ ફી રાખવામાં આવી નથી. સૌ રસિકો આ કાર્યક્રમનો લાભ માણી શકે છે.

## નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા 'સન્ડે સાયન્સ સ્કૂલ'નો આરંભ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય તે પ્રકારની પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો માટે ગુજરાત સરકારે જિલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો શરૂ કર્યા છે. નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર એ ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી, ગુજરાત સરકાર માન્ય ગાંધીનગર જિલ્લાનું, જિલ્લાકક્ષાનું સાયન્સ સૅન્ટર (લોક વિજ્ઞાન કેન્દ્ર) છે. આ સૅન્ટરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે પ્રેરિત કરવા તથા સમાજમાં વિજ્ઞાન અને ટૅકનોલૉજીનો પ્રચાર-પ્રસાર કરવાનો છે.

છેલ્લાં અઢાર વર્ષથી આ સાયન્સ સૅન્ટરનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લઈ ડૉક્ટર, ઍન્જિનીયર, વૈજ્ઞાનિક સંશોધન જેવાં ક્ષેત્રોમાં ઝળહળતી સિદ્ધિઓ મેળવી છે. આ સૅન્ટરનાં માર્ગદર્શન હેટળ ૩૫ જેટલા વિદ્યાર્તીઓ રાષ્ટ્ર કક્ષાએ બાળ વૈજ્ઞાનિક ઍવોર્ડ મેળવવામાં સફળ થયા છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ સાયન્સ સૅન્ટરની પ્રવૃત્તિઓમાં જોડાઈને વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી શકે તેવા પ્રયત્નો આ સૅન્ટર દ્વારા શરૂ કરવામાં આવ્યા છે.

આ પૈકીનો એક કાર્યક્રમ એટલે સન્ડે સાયન્સ સ્કૂલ. દર રવિવારે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો લાભ લે છે. તેમના વિજ્ઞાન વિષયમાં આવતા ૪૦ જેટલા પ્રયોગો વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન જાતે કરે છે અને પ્રયોગો દ્વારા વિજ્ઞાનની સમજ મેળવે છે.

આગામી રવિવાર, તા. ૧૬મી જૂનથી સન્ડે સાયન્સ સ્કૂલનો આરંભ થઈ રહ્યો છે. ગાંધીનગરની કોઈપણ શાળામાં ધોરણ-૫થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સન્ડે સાયન્સ સ્કૂલમાં જોડાઈ શકે છે. મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લેવાના હોવાથી સત્વરે રજિસ્ટ્રેશન કરાવવા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે. રજિસ્ટ્રેશન માટે ફોન નં. ૨૩૨૩૫૨૧૫ના માધ્યમથી સૅન્ટરનો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**સન્ડે સાયન્સ સ્કૂલ**

| ધોરણ | સમય |
| --- | --- |
| ૫ | બપોરે ૨થી ૩ |
| ૬ | બપોરે ૩થી ૪ |
| ૭ | સાંજે ૪થી ૫ |
| ૮ | સવારે ૯થી ૧૦ |
| ૯ | સવારે ૧૦થી ૧૧ |
| ૧૦ | સવારે ૧૧થી ૧૨ |

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજીમાં સેવાકાર્યો





ગાંધીનગરની સેવાસંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારનાં ૩ ગામોમાં જરૂરિયાતમંદોને ૩ કિગ્રા ચોખાની ૧૨૬ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમને દૂધીનાં બીજ, ચ્હાના પૅક, સાબુ અને પગરખાં પણ આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત બે શાળાઓના વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો, ૩ આંગણવાડીનાં બાળકોને બિસ્કીટ અને વસ્ત્રો ભેટ આપવામાં આવ્યાં હતાં.

## ગાંધીજીનો વિનોદ

॥ ૫૬મો મણકો ॥

**૧૪૦ - યોગી જેમ વર્ત્યા**




શ્રી ગિરજાશંકર વાજપેયી બ્રિટિશ યુગના એક બાહોશ આઈસીએસ અધિકારી હતા. તે વેળા બ્રિટન એજન્ટ જનરલ તરીકે વોશિંગ્ટનમાં તેમની નિમણૂંક થઈ હતી. અંગ્રેજો પ્રત્યે પોતાની વફાદારી વ્યક્ત કરવા તેમણે ગાંધીજીને શું જોઈએ છે ? એ નામનું અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું હતું. તેમાં ગાંધીજીની વિરુદ્ધ ઠીક ઠીક લખાણ હતું. આવા વિરોધનો ગાંધીજીએ રદિયો આપ્યો નહોતો. પોતાના જીવન અને કાર્યની સાચી વિગતો પ્રજા જાણે છે એવો તેમને વિશ્વાસ હતો.

શ્રી ચમનલાલ નામના એક લેખકે વાજપેયીના આક્ષેપોનો રદિયો આપતું એક પુસ્તક લખ્યું હતું. એક દિવસ તે ગાંધીજીને મળવા દિલ્હી-ભંગી કૉલોનીમાં આવ્યા ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજી પાસે બેઠેલા હતા. તેમણે ગમ્મત કરતાં કહ્યું,

ચમનલાલ, તમે વાજપેયીના પ્રચારને ખુલ્લો પાડતું પુસ્તક લખ્યું ને તે હવે આપણી ફોરેન ઑફિસના સૅક્રેટરી જનરલ થઈ ગયા !

ચમનલાલે સામો ટોણો માર્યો, તમે નાયબ વડાપ્રધાન હોવા છતાં...

સરદારે સામું સંભળાવ્યું, ના, ના. હું તેમની નિમણૂંક માટે જવાબદાર નથી. તમારા નેતાએ (નહેરુએ) તેમને નીમ્યા છે.

ગાંધીજી આ બંને જણને રસપૂર્વક સાંભળી રહ્યા હતા. તેઓ પણ વિનોદમાં જોડાયા અને કહ્યું,

અરે, તેથી ખોટું શું થયું ? જ્યારે બ્રિટિશરો વાજપેયીને પગાર આપતા ત્યારે તેમણે તેમનું ગીત ગાયું. હવે તમારી સરકાર તેમનો પગાર ચૂકવશે એટલે એ તમારાં ગીત ગાશે.

બાજુમાં બેઠેલા સૌ હસી પડ્યા.

**૧૪૧ - કદરૂપો માનવી રૂપાળો બને ?**

એક વાર એક ચિત્રકારે ગાંધીજીનું રેખાચિત્ર દોરવા માટે તેમને થોડો સમય સ્થિર બેસવા વિનંતી કરી.

ગાંધીજી : અરે ભાઈ ! તમે કદરૂપા માનવીને રૂપાળો ચીતરી શકો ખરા ?

ચિત્રકાર કશું બોલી શક્યો નહીં પણ તેના હોઠ પર હાસ્ય ફરકી રહ્યું.

**૧૪૨ - શો ફેર ?**

એક વાર કોંગ્રેસ અધિવેશન વેળા બધા પ્રાંતના અગ્રણીઓ ગાંધીજીને મળવા આવ્યા હતા. કોંગ્રેસ અધિવેશનમાં થનારા ઠરાવોની ચર્ચા થઈ પણ ઠરાવોનો વિરોધ કરનારાઓને ગાંધીજીએ વધુ સમય આપ્યો. છતાં તેઓ પોતાના નિર્ણયને વળગી રહ્યા.

ત્યારે ઉત્તર પ્રદેશના એક અગ્રણીએ સહેજ અકળાઈને ગાંધીજીને પૂછ્યું, બ્રિટિશ સરકાર અમારું સાંભળતી નથી. અને આપ પણ અમને સાંભળતા નથી. ત્યારે સરકાર અને આપ વચ્ચે ફેર શો ?

ગાંધીજીએ હસતાં હસતાં જણાવ્યું કે, ફેર એટલો જ કે બ્રિટિશ સરકાર રાજીનામું આપવા તૈયાર નથી. જ્યારે હું તૈયાર છું.

ગાંધીજીના વિનોદથી પેલાઓની અકળામણ ઓગળી ગઈ !




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

## ભાડજના હરે કૃષ્ણ મંદિર દ્વારા "ચિડા-દહીં" મહોત્સવ ઉજવાશે



ગાંધીનગર, તા. ૧૩

ભાડજના હરે કૃષ્ણ મંદિર દ્વારા રવિવાર, તા. ૧૬મી જૂનના રોજ પાનીહાટી ચિડા દહીં મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પાનીહાટી એ ગંગા નદીના કિનારે (કલકત્તાથી ઉત્તરદિશામાં ૧૦ માઈલ દૂર) પશ્ચિમ બંગાળ રાજયમાં સ્થિત એક ગામ છે. ૧૬મી સદીમાં હરીનામ સંકિર્તનનો પ્રચાર કરવા માટે જયારે ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ અવતર્યા હતા એ સમયમાં ગૌડય વૈષ્ણવો માટે પાનીહાટી ગામ મુખ્ય કેન્દ્ર બન્યું હતું.

ઈ.પૂ. સન ૧૪૮૬ વર્ષમાં સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ બંગાળમાં શ્રીધામ માયાપુરમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુરૂપે અવતર્યા હતા. તેમના આ અવતાર પાછળનો મુખ્ય ઉદેશ યુગધર્મ સ્થાપવાનો હતો. શ્રીલા રઘુનાથ દાસા ગોસ્વામી તેઓમાંના એક હતા, જે ભગવાનના એક સર્વોચ્ચ ભક્ત હતા અને તેઓ પાતે ગૃહત્યાગ કરવા ઈચ્છતા હતા અને ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુના સંકિર્તન પ્રચારના ઉદેશમાં જોડાવા માંગતા હતા. પણ ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુએ તેમને હમણાં આમ ન કરવા જણાવ્યુ હતુ અને આશ્વાસન આપ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણ તેમને માયાના બંધનમાંથી ટુંક સમયમાં મુક્ત કરાવશે. ત્યાર બાદ બે વર્ષ પછી નિત્યાનંદ પ્રભુ પાનીહાટી ગામમા આવ્યા અને ત્યાં રોકાયા હતા. આ સમયે પાનીહાટી ગામની નજીક આવેલ શ્રીકૃષ્ણપુરા ગામમાં રહેતા રઘુનાથ દાસાએ તેમના પિતાશ્રી ગોવર્ધન મઝુમદારની આજ્ઞા મેળવી અને નિત્યાનંદ પ્રભુને મળવા પાનીહાટી આવ્યા હતા.

ભગવાને રઘુનાથ દાસાને આ મહાઉત્સવ ઉજવવાનો અને બધા ભક્તો ને ચીડા-દહીં (દહીં અને પૌઆ) પ્રસાદરૂપે વિતરણ કરવાનો આદેશ આપ્યો.

રઘુનાથ દાસાએ તુરંત જ પૌઆ, દૂધ, દહીં, મીઠાઈ, કેળા, ખાંડ અને બીજી ખાધવસ્તુઓની ખરીદી કરવાની વ્યવસ્થા કરી. પૌઆને દૂધમાં પલાળવામાં આવ્યા હતા જેમાંથી અડધા ભાગને દહીં, ખાંડ અને કેળા સાથે મિશ્રિત કરવામાં આવ્યા હતા જયારે બાકી રહેલ અડધા ભાગમાં ઘટ્ટ કરેલ દૂધ, શુધ્ધ ઘી અને કપૂર મિશ્રિત કરી સ્વાદિષ્ટ બનાવવામાં આવ્યા હતા. દરેક ભક્તને બે માટીના કોડીયા આપવામાં આવ્યા જેમાંથી એકમાં પૌઆ-દહીં અને બીજામાં પૌઆ- ઘટ્ટ કરેલ દૂધને પ્રસાદરૂપે પિરસવામાં આવ્યું હતું.

આ અદભૂત પ્રંસગની યાદગીરીરૂપે દર વર્ષે "ચિડા-દહીં" મહોત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસે યાત્રાળુઓ "ચિડા-દહીં ઉત્સવની ઉજવણી કરવા પાનીહાટી ગામની મુલાકાત લે છે.

દર વર્ષે હરેકૃષ્ણ મંદિર, ભાડજ આ ઉત્સવની ઉજવણી કરે છે જેમાં પાલકી ઉત્સવ, ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને અભિષેક અને નૌકા વિહાર તથા ચિડા-દહીં મહાપ્રસાદનું વિતરણ કરીને કરવામાં આવે છે. વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો બનાવીને ભગવાનને અર્પણ કરાય છે.



ભારતને પૅરા સ્પોર્ટ્સ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ધોરણે સુપર પાવર બનાવવાના વિઝન સાથે આદિત્ય મહેતા ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે પૅરા સ્પોર્ટ્સ ટૅલેન્ટ હન્ટ ટ્રેનિંગ કૅમ્પ યોજાઈ રહ્યો છે. આ કૅમ્પ અંતર્ગત ૨૦૦ જેટલા ઍથલીટને ૨૦૨૦ના પૅરાલિમ્પિક માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. ૯મી જૂનથી આરંભાયેલો કૅમ્પ ૧૪મી જૂન સુધી કાયમ રહેશે.

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ૩૦ જૂનથી ફરી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો 'મન કી બાત' રેડિયો કાર્યક્રમ આવતી ૩૦ જૂને ફરી શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણી દરમિયાન આ કાર્યક્રમને અટકાવી દેવામાં આવ્યો હતો, કારણ કે મોદી પણ ચૂંટણીના એક ઉમેદવાર હતા.

તેથી એમનો લોકપ્રિય બનેલો 'મન કી બાત' કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો (આકાશવાણી) પરથી ફરી પ્રસારિત કરાશે.

પ્રસાર ભારતી ન્યૂઝ સર્વિસીસ સંસ્થાએ 'મન કી બાત' કાર્યક્રમ માટે લોકો પાસેથી સૂચનો મગાવવાનું શરૂ કરી દીધું છે.

પ્રસાર ભારતીના ટ્વીટમાં જણાવાયું છે કે, પીએમ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ફરી આવી રહ્યો છે. શું તમારા વિચાર, માહિતીની 'મન કી બાત'માં રજૂઆત થાય એવું ઈચ્છો છો? તો એને http://mygov.in પર શેર કરો અથવા ફોન નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ ડાયલ કરીને જણાવો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એમનો છેલ્લો રેડિયો કાર્યક્રમ લોકસભાની ચૂંટણી પૂર્વે ગયા ફેબ્રુઆરીમાં કર્યો હતો. ત્યારે એમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે એમની પાર્ટી (ભારતીય જનતા પક્ષ) ચૂંટણીમાં વિજયી થશે અને ચૂંટણી પૂરી થયા બાદ રેડિયો કાર્યક્રમ ફરી શરૂ થશે. 'મન કી બાત' કાર્યક્રમ દર મહિનાના આખરી રવિવારે પ્રસારિત કરાતો હોય છે.